**–:: <u>આંક–૧ હેઠળ હુકમ</u> ::–**

રાજય કાનુની સેવા સત્તા મંડળ, ગુજરાતના આદેશ મુજબ આજરોજ **સ્પેશ્યલ સીટીંગનું** આયોજન કરવામાં આવેલ છે.

સદર કામે આરોપી સામે પ્રોસેસ કાઢતાં તે વગર બજયે પરત થયેલ છે છતાં આ કામે ફરીયાદી કેસની કાર્યવાહી આગળ ચલાવવા કોઈ અરજી કે કાર્યવાહી કરતા નથી કે, આરોપીનું નવું સરનામું રજુ કરતા નથી. સદર કામ ઘણા લાંબા સમયથી આરોપીને પ્રોસેસ બજવા ઉપર છે. હાલની ફરીયાદ એ ખાનગી ફરીયાદ છે. પોતાની ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવવા ફરીયાદીએ કોઈ પ્રયત્ન કરેલ ન હોય તેવું રેકર્ડ પરથી જણાઈ આવે છે. કારણ કે, ફરીયાદી ફરીયાદ દાખલ કરે ત્યારથી કેસ પુરો થાય ત્યાં સુધી આગળની કાર્યવાહી કરવાની જવાબદારી ફરીયાદી ઉપર હોય છે, પરંતુ હાલની ફરીયાદમાં જયારે આરોપીને જ પ્રોસેસ બજતા નથી અને ફરીયાદી આરોપીનું નવું સરનામું આપવામાં નિષ્ફળ ગયેલ હોય ત્યારે ફરીયાદીને પોતાનો કેસ આગળ ચલાવવામાં રસ ન હોય તેવું જણાય છે.

વધુમાં રેકર્ડ પરની હકીકતો ઘ્યાને લેતાં, અત્રેની અદાલત ઘ્વારા આરોપી ઉપર પ્રોસેસ ની બજવણી કરવા ફરીયાદપક્ષને પુરતો અને વ્યાજબી સમય આપવામાં આવેલ હોવા છતાં, ફરીયાદપક્ષ ઘણા લાંબા સમયથી આરોપીને પ્રોસેસની બજવણી કરાવવામાં નિષ્ફળ રહેલ છે. વધુમાં અત્રેની અદાલતમાં રહેલ કામગીરીનું ભારણ ઘ્યાને લેતાં, આવા ડેડ વુડ કેસો મોટી સંખ્યામાં અદાલતમાં પડી રહેવાના કારણે જે કેસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઈએ તેવી અદાલતી ન્યાયીક કાર્યવાહી વિલંબીત થાય છે.

નામ.સુપ્રિમ કોર્ટે એસ.રામા સ્વામી વિરૂઘ્ધ ગુ.રામી રેડ્ડીના વારસો (૨૦૦૮ એઆઈઆર એસ.સી ૨૦૬૬) ના કેસમાં એવું નિરીક્ષણ કરેલું છે કે,

> *''the conduct of the complainant for the said purpose is of immense significance. He cannot allow a case to remain pending for an indefinite period. ''.*

નામ.સુપ્રિમ કોર્ટે સુઓ મોટો રીટ પીટીશન (ક્રિમી) નં.૦૨/૨૦ *Re: Expeditious Trial of Cases under Section 138 of N.I. Act 1881.* ના કેસમાં પેરા નં.૫ માં એવુ નિરીક્ષણ કરેલું છે કે,

> *''5. The situation has not improved as courts continue to struggle with the humongous pendency of complaints under Section 138 of the Act. The preliminary report submitted by the learned Amici Curiae shows that as on 31.12.2019, the total number of criminal cases pending was 2.31 crores, out of which 35.16 lakh pertained to Section 138 of the Act. The reasons for the backlog of cases, according to the learned Amici Curiae, is that while there is a steady increase in the institution of complaints every year, the rate of disposal does not match the rate of institution of complaints. Delay in disposal of the complaints under Section 138 of the Act has been due to reasons which we shall deal with in this order.''*

ભવાની ટેક્ષટાઈલ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯ નામ.ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા.૧૮/૧/૨૦૧૦ ના ચુકાદામાં નામ.ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે.

દિપેશભાઈ વાલજીભાઈ પટેલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ અપીલ નં.૨૪૦૫/૨૦૦૯ નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં નામ.ગુજરાત રાજયની વડી અદાલતે હાલમાં તાજેતરમાં તા.૦૩/૦૫/૨૦૨૩ ના રોજના હુકમમાં ઠરાવેલ છે કે, નેશનલ લોક અદાલતના દીને યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં મેજીસ્ટ્રેટ ધી.નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ મુજબના કેસ હાથ પર લઈ તેનો નિકાલ કરી શકે છે.

આમ ફરીયાદી જયારે આરોપીનું નવું સરનામું આપવામાં નિષ્ફળ ગયેલ છે ત્યારે સદર કેસને Sine die અવસ્થામાં રાખવાનો અર્થ નથી. તેવા સંજોગોમાં હાલની ફરીયાદ સબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચિત જણાય છે.

**:: <u>આખરી હુકમ</u> ::**

ફરીયાદીની ફરીયાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ અન્વયે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૯/૦૯/૨૦૨૩ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૦૯/૦૯/૨૦૨૩
વડોદરા

**(જાગૃતિ અમૃતલાલ પરમાર)**
૮ માં એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
વડોદરા
જજ કોડ નં.જી.જે.૦૧૦૦૨

આર.એમ.રાણા–ગુજ.સ્ટેનો